# અરવલ્લી મોડાસાના સહારા વિસ્તાર ખાતે 'બાળ દિન' ઉજવણી નિમિત્તે 'બાળ રેલી'

## ૧૫૦ જેટલા બાળકોએ રેલીમાં ભાગ લીધો

બાયજ તા.૧૪

૧૪મી નવેમ્બર ''બાળ દિન''માં બાળ સપ્તાહ ઉજવાણીના ભાગ રૂપે પરખ



સંસ્થા સંચાલિત અરવલ્લી ચાઈલ્ડ હેલ્પ લાઈન દ્વારા મોડાસાના સહારા વિસ્તારમાં ''બાળ રેલી'' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ બાળકોએ ભાગ લીધો અને બાળ અધિકારોની માહિતી મેળવી અને તેના માટેના સૂત્રોચ્ચાર બાળકો દ્વારા કરવામાં આવ્યા. રેલી સહારા પ્રાથમિક શાળા થી કાઢીને સહારા અને મીલ્લતનગર વિસ્તારમાં કાઢવામાં આવી અને આખા વિસ્તારમાં ફરીને સહારા પ્રાથમિક શાળાએ આવીને પૂર્ણ કરવામાં આવી હતી.

મોડાસા શહેરમાં સહારા અને મીલ્લતનગર એ સ્લમ વિસ્તાર છે. ત્યાં ગરીબ, મજૂરી કરવાવાળા લોકો રહે છે. અરવલ્લી ચાઈલ્ડ લાઈન દ્વારા સહારા અને મીલ્લતનગર વિસ્તારના બાળકો શાળાનો અભ્યાસ પૂર્ણ કરે તેમજ તેમનામાં રહેલી આવડત બહાર આવે, બાળ અધિકારો જેવા કે, ભણવાનો અધિકાર, વિકસવાનો અધિકાર, સહ ભાગીતાનો અધિકાર, શોષણ સામે રક્ષણનો અધિકાર જાણતા થાય અને બાળ અધિકારોની સમજ આવે તેવા હેતુથી સહારા અને મીલ્લતનગર વિસ્તારમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં સહારા અને મીલ્લતનગર વિસ્તારના બાળકો તેમજ મહિલાઓ અને ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો આજની રેલીમાં બાળ અધિકારો જેવા કે બેટી બચાઓ, બેટી પઢાવો, રમવાનો છે અધિકાર અમારો, ભણવાનો છે અધિકાર અમારો, જેવા સૂત્રો ઉત્સાહભેર બોલાવ્યા હતા.

# વડનગર ખાતે દ્વિ-દિવસીય તાના-રીરી સંગીત મહોત્સવ સમાપન કાર્યક્રમ યોજાયો

## રાજ્ય અને કેન્દ્ર સરકાર કલા અને સાહિત્યના વારસાને જાળવી રાખવાનું કામ કરી રહી છે

મહેસાણા, તા. ૧૪

વડનગર ખાતે દ્વી-દિવસીય તાના-રીરી સંગીત મહોત્સવ સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિતિ સામાજિક અગ્રણી સોમભાઈ મોદી જણાવ્યું હતું કે, શાસ્ત્રીય સંગીતના વારસાની જાળવણી અર્થે ઉજવાતા તાના-રીરી મહોત્સવ અને ઉત્તરાર્ધ મહોત્સવને લીધે મહેસાણા જિલ્લો અને ગુજરાત ગૌરવશાળી બન્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તાના-રીરી વિરાંગના કલાધારિણી બહેનોને સુરાંજલિ અર્પવા માટે તાનારીરી ગાર્ડનનું નિર્માણ કરાયું છે. આ બે બહેનોની સંગીત આરાધનાની કથાને આંતરરાષ્ટ્રીય ફલક પર લઈ જવાનો રાજ્ય સરકારનો પ્રયાસ રહ્યો છે.




ધારાસભ્યશ્રી ડૉ આશાબેન પટેલે જણાવ્યું હતું કે, વડનગર ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ ધરતી પર ગજબની સાંસ્કૃતિક શક્તિ રહેલી છે. વડનગરની પ્રાચીન સંસ્કૃતિની ધરોહર તેના બે હજાર વર્ષના ઈતિહાસને જાળવીને બેઠી છે. જગતના ઈતિહાસમાં નગર સંસ્કૃતિનું ખૂબ જ મોટું પ્રદાન રહ્યું છે.

તાનારીરી મહોત્સવ સમાપન કાર્યક્રમમાં મહાનુભાવોના વરદહસ્તે કલાકારશ્રીઓનું પુસ્તક, મોમેન્ટો પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવું હતું.

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તેમજ મહેસાણા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે ગુજરાતની અલૌકિક સંગીત બેલડી તાના-રીરીની સ્મૃતિમાં દ્વરિ દિવસીય સમાપન સમારંભમાં શ્રી નીરજ પરીખ અને વૃંદ અમદાવાદ દ્વારા કેશવ ગાન, પદ્મભૂષણ પંડીત વિશ્વ મોહન ભટ્ટ અને વૃંદ જયપુર દ્વારા ડેઝર્ટ સ્લાઈડ, શ્રી રાકેશ ચૌરસીયા મુંબઈ દ્વારા બાસુરી અને સિતારજુગલબંધીની પ્રસ્તુતિ કરાઈ હતી. તેમજ સુશ્રી ધારાબેન શુક્લ અને સુશ્રી શિતલબેન બારોટ દ્વારા શિવસ્તુતિની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. નુપુર કલા કેન્દ્રની વિધાર્થીનીઓ દ્વારા ભરતનાટયમ શૈલીમાં શિવ સ્તુતિ રજૂ કરવામાં આવી હતી.

પ્રાચીન સમયમાં દ્વારકા, મોઢેરા અને વડનગર એમ ત્રણ નગરીઓ મહત્ત્વનું સ્થાન ધરાવતી હતી. આજે આપણે વડનગરની સંગીત પરંપરાની વાત કરવી છે. વડનગરની સ્થાપના થયા પછી આ નગરી સંગીત, કલા, ગાયન, વાદન અને નૃત્યના પ્રસાર-પ્રચાર માટે સુવિખ્યાત બની છે.





ગુજરાત સરકારના મહિલા અને બાળવિકાસમંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે બાદરપુરા ખાતે આવેલા બનાસડેરીના ટેક હોમ રાશન પ્લાન્ટની મુલાકાત લીધી. આ પ્લાન્ટમાં તૈયાર થતા ગુણવત્તાયુક્ત પોષણક્ષમ આહારની સમગ્ર પ્રક્રિયાનું જાત નિરીક્ષણ કરીને સંતોષ વ્યક્ત કર્યો હતો અને કુપોષણ મુક્ત ગુજરાત અભિયાનને વેગ મળશે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ બનાસડેરીના ચીઝ પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી.

# પાલનપુરમાં ૧,૧૮,0000 લાખોના ખર્ચે પે-પાર્કિંગ બનાવાયુ

## નગરસેવકો સહીત ભાજપના આગેવાનો હાજર રહ્યા

પાલનપુર, તા. ૧૪

પાલનપુર પાવર હાઉસ વિસ્તારમાં પાલિકા દ્વારા પે-પાર્કિંગની સુવિધા માટે બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યુ છે.જેમાં પાલિકા દ્વારા વાહનો પારકિંગ કરાવવામાં આવશે.જેના થકી ટ્રાફીકની સમસ્યા હળવી બનશે.

પાલનપુર શહેરમાં ટ્રાફીકની સમસ્યા દિન પ્રતી દીન પેચીદી બની રહી છે.તેમજ વાહન ચાલકો પણ પોતાના વાહનો આડેધડ મુકી શહેરમાં ટ્રાફીક કરવામાં આવતુ હતુ.જેના પગલે પાલનપુર પાલિકા દ્વારા પાવર હાઉસ વિસ્તારમાં રૂ.૧,૧૮,0000 લાખના ખર્ચે પે પાર્કિંગ બનાવવામાં આવ્યુ છે.જેનું ખુલ્લુ નુકવામાં આવ્યુ હતુ.

# અરવલ્લી મોડાસાના સખી વન સ્ટોપ સેન્ટરના બે વર્ષની ઉજવણી સંદર્ભે સ્નેહમિલન



બાયડ તા.૧૪

ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર તથા પરખ સંસ્થા હિંમતનગર સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર અરવલ્લી ખાતે બે વર્ષ પૂર્ણ થયાની ઉજવણી નિમિત્તે તથા નવા વર્ષના સ્નેહ મિલન નિમિત્તે મિટિંગ નુ આયોજન કરવામાં આવેલ જેમાં સેન્ટર ખાતે રિબિન તથા કેક કાપી દિપ પ્રાગટ્ય કરી ઉજવણી કરવામાં આવી. જેમાં પરખ સંસ્થાના મંત્રી શ્રી કુ. કૌશલ્યા કુવરબાએ તથા પ્રમુખશ્રી એ નવા વર્ષની સૌને શુભેચ્છાઓ પાઠવી તથા સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી વિશે ચર્ચા કરવામાં આવી તેમન જ વધુમા વધુ સખી વન સ્ટોપ સેન્ટર નો પ્રચાર પ્રસાર થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા મહિલા બાળ અધિકારીની કચેરી માંથી ફિલ્ડ ઓફીસરશ્રી અલ્પેશભાઈ ડામોર તથા . કૌશલ્યાકુવરબા, પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ તથા તમામ કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા.

## બનાસકાંઠાના સહકારી ક્ષેત્રે રાજકીય ભૂકંપ સર્જાયો

# બનાસબેંકની ચૂંટણીમાં મેન્ડેડનો અનાદર કરવા બદલ ભાજપના પાંચ આગેવાનો સસ્પેન્ડ કરાયા

## વડગામ,દાંતીવાડા, પાલનપુર લાખણી અને દિયોદર બેઠક પક્ષ વિરુધિ પ્રવુતિ કરતા આગેવાનો કાર્યવાહી કરાઈ

પાલનપુર તા. ૧૪

બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ૧૯ સભ્યોના નિયામક મંડળની ચૂંટણીમાં દશ બેઠક બિન હરીફ થઈ છે જ્યારે નવ બેઠક પર ચૂંટણી જંગ જામ્યો હોઈ ભાજપે પણ મેન્ડેડ આપી પોતાના ઉમેદવારો ને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે જેમાં વડગામ,

દાંતીવાડા, લાખણી, પાલનપુર અને દિયોદર બેઠક પર ભાજપના નિશ્ચિત ઉમેદવારો સામે ભાજપના જ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હોય પ્રદેશ ભાજપ પ્રમુખે પક્ષના મેન્ડેડનો અનાદર કરનાર પાંચ આગેવાનો ને ભાજપ માંથી તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવતા જિલ્લાના સહકારી ક્ષેત્રે રાજકીય ભૂકંપ સર્જાયો છે. બનાસકાંઠા જિલ્લાની બનાસબેંકના સંચાલક મંડળની ૧૯ બેઠકો માટે ચૂંટણી જાહેર કરાઈ હતી જેમાં સહકારી આગેવાનોનો પ્રયાસ થી દશ બેઠકો ચૂંટણી પૂર્વે બિન હરીફ થઈ છે જ્યારે નવ બેઠકો પર બે કે તેથી વધુ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હોય ભાજપ દ્વારા અગાઉ પોતાના ઉમેદવારોને મેન્ડેડ આપવામાં આવ્યા હતા જેમાં વડગામ બેઠક પર ભાજપના ઉમેદવાર સામે ભાજપના આગેવાન કેશરભાઈ પરથીભાઈ ચૌધરી, દાંતીવાડા બેઠક પર ભાજપના ઉમેદવાર સામે ભાજપના આગેવાન નટવરભાઈ મોતીભાઈ ચૌધરી અને લાખણી બેઠક પર પક્ષના ઉમેદવાર સામે ભાજપના આગેવાન તેજાભાઈ લાલજીભાઈ પટેલ,પાલનપુર બેઠક પર પરથીભાઈ અભાભાઈ લોહ અને દિયોદર બેઠક પર ઈશ્વરભાઈ તેજાભાઈ પટેલ ભાજપના જ ઉમેદવારો સામે ચૂંટણી લડતા હોઈ જિલ્લા ભાજપ દ્વારા પક્ષના મેન્ડેડનો અનાદર કરનાર આ ભાજપમાં આ પાંચેય આગેવાનોને પક્ષ વિરુદ્ધિ પ્રવુતિ કરવા બદલ શિસ્તભંગ ના પગલાં રૂપે નોટિસ અપાઈ હતી તેમ છતાં આ આગેવાનો દ્વારા કોઈ ખુલાસો કે પ્રત્યાતુંર આપવા નહિ આવતા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર પાટીલ દ્વારા આ પાંચેય ભાજપના આગેવાનોને તાત્કાલિક અસર થી ભાજપ માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જેને લઈ જિલ્લાના સહકારી માળખામાં હડકંપ મચી જવા પામ્યો છે.

### ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા આગેવાનો

૧) કેશરભાઈ પરથીભાઈ ચૌધરી (માહી) ચેરમેન, વડગામ માર્કેટયાર્ડ
૨) તેજાભાઈ લાલજીભાઈ પટેલ (લાખણી) ઉપાધ્યાક્ષ, પ્રદેશ કિસાન મોરચો ભાજપ
૩) નટવરભાઈ મોતીભાઈ ચૌધરી (દાંતીવાડા) પ્રભારી પાલનપુર તાલુકા ભાજપ
૪) પરથીભાઈ અભાભાઈ લોહ પૂર્વ ચેરમેન એપીએમસી પાલનપુર
૫) ઈશ્વરભાઈ તેજાભાઈ પટેલ સક્રિય સભ્ય ભાજપ દિયોદર

### બનાસબેંકની ચૂંટણીમાં પક્ષ વિરુદ્ધિ પ્રવુતિ કરનાર સામે પગલા ભરાશે

બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રભારી સુરેશભાઈ શાહે જણાવ્યું હતું કે બનાસબેંક કે અન્ય સહકારી ક્ષેત્રે પક્ષના ઉમેદવાર સામે ઉમેદવારો સામે ઉમેદવારી કરનાર તેમજ પક્ષ વિરુદ્ધિ પ્રવુતિ કરનાર આગેવાન કે કાર્યકર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે



## અરવલ્લી : અન્નકુટ ઉત્સવ - શ્રી અક્ષરપુરષોત્તમ સ્વામીનારાયણ મંદિર, સાઠંબા ખાતે યોજાયો

નુતનવર્ષ વિક્રમ સવંત ૨૦૭૮ના પ્રારંભે અનુપમ મિશન - મોગરી પ્રેરિત 'શ્રી અક્ષરપુરષોત્તમ સ્વામિનારાયણ મંદિર - સાઠંબા ખાતે' અનુપમ મિશન ના અધિસ્થાતા સંતભગવંત સાહેબજી મહારાજની આજ્ઞા થી શ્રી ઠાકોરજી મહારાજ અને તેમના જ પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપ સંતભગવંત સાહેબજી મહારાજ ને અન્નકુટ ધરાવવામાં આવ્યો અને ભાવ અર્પણ કરવામાં આવ્યા..આ પ્રસંગે અનુપમ મિશન થી સાધુ. પ.પૂ ગૌતમદાસજી, સાધુ પ.પૂ અશોકદાસજી અને સંતો પધાર્યા હતા.અને આશીર્વચન પાઠવ્યા હતા. આ અન્નકુટ ના દર્શન ના લાભ લેવા માટે સાઠંબા અને આજુબાજુ વિસ્તાર ના ૪00 થી વધારે હરિભક્તો પધાર્યા હતા.

# ધનસુરામાં મતદારયાદી સુધારણા-૨૦૨૨ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો

ધનસુરા, તા. ૧૪

ધનસુરામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો જેમાં મતદાન મથકો પર બી.એલ.ઓ દ્વારા આ બાબતના ફોર્મ સ્વીકારવાની અને મતદારયાદી ની અન્ય બાબતો અંગે ની કામગીરી કરવામાં આવી હતી હાલમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે જેમાં જે લોકો ને ૧૮ વર્ષ થયા હોય તે લોકોનું નવું નામ દાખલ કરવું,નામ માં ફેરફાર કરવા, નામ રદ કરવું અન્ય વિગતો સુધારવી જેવી કામગીરી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અહી નોંધનીય છે કે મતદાર પાસે ઓળખપત્ર હોય પણ મતદાર યાદીમાં નામ ના હોય તો મતદાન કરી શકાશે નહીં જેથી આપનું



નામ મતદાર યાદી માં છે કે નહિ આ તમામ બાબતો ગ્રામ પંચાયત, કલેકટર ઓફીસ, નગરપાલિકા, પ્રાંત ઓફીસ,મામલતદાર કચેરી અને બી.એલ.ઓ પાસે કરાવી શકાશે ધનસુરા ખાતે મામલતદાર ચેતનસિંહ ઝાલા ના માર્ગદર્શન હેઠળ રાહુલભાઈ ત્રિવેદી (નાયબ મામલતદાર મતદારયાદી)અને તમામ સ્ટાફ અને બી.એલ.ઓ દ્વારા કામગીરી કરવામાં આવી હતી

# બનાસકાંઠાના ૧૩૨ ગામોનું જળસંકટ ટળ્યું..! દાંતીવાડા ડેમનુ પાણી સીપુ વોટર પ્લાન્ટ પહોચ્યું

## સિપુ આધારીત ૧૩૨ ગામમાં દાતીવાડા ડેમનું પાણી પહોંચાડવા પ્રોજેક્ટનુ સફળ ટ્રાયલ સંપન્ન : ૨૨ કરોડનો ખર્ચ કરી ૨૧ કિમી પાઈપલાઈનનુ એક મહીનામા કામ પૂર્ણ કરાયું, હવે ૩ દિવસ બાદ પાણીનો સપ્લાય ચાલુ કરાશે

પાલનપુર તા, ૧૪

દાંતીવાડા ડેમનુ પાણી સીપુ વોટર પ્લાન્ટ સુધી પહોંચતાં ગ્રામ્યજનોમાં આનંદ ફેલાયો છે. આ વર્ષે ઓછા વરસાદના કારણે એક ટીપું નવું પાણી સીપુ ડેમમાં ન આવતા સીપુ આધારિત પાણી મેળવતા ગામડા તેમજ શહેરોમાં ટેક્રરો દ્વારા પાણી પુરુ પાડવામાં આવતું હતું. પરંતુ હવે ૨૨ કરોડના ખર્ચે દાંતીવાડાથી સીપુ સુધી નાંખવામાં આવેલી પાઈપલાઈનના કારણે પાણીની સમસ્યા દૂર થશે. ત્રણ દિવસ બાદ પાણી પુરવઠો ચાલુ કરવામાં આવશે. ચાલુ વર્ષે ઉપરવાસમાં તેમજ સ્થાનિક વિસ્તારમાં નહીવત વરસાદ વરસતા સિપુડેમમાં ટિપુય નવા પાણી ન નોધાતા સિપુડેમમાથી સિચાઈનુ પાણી તો બંધ જ હતું સાથે જ નરભેનાથ વિસ્તાર પાસે પિવાના પાણી નો આરક્ષિત જથ્થો પણ ખલાસ થતાં સિપુડેમ ડેમ આધારિત ધાનેરા શહેર, ધાનેરા તાલુકા તેમજ દાતીવાડા તાલુકાના ગામમાં પિવાના પાણી નો સપ્લાય બંધ થતાં પંથકમાં પિવાના પાણીની અછત સર્જાઈ



હતી. સિપુડેમમાં પિવાના પાણીનો જથ્થો નહીવત હોવાથી તંત્ર દ્વારા આગોતરા જ સિપુ આધારિત ધાનેરા, દાતીવાડા સહીત ડીસા તાલુકાના કેટલાક ગામો મળી કુલ ૧૩૨ જેટલા ગામમાં પિવાના પાણીની અછત ન સર્જાય તેમજ સમસ્યા દુર કરવા માટે ગુજરાત સરકાર અને પાણી પુરવઠા દ્વારા તાત્કાલિક ધોરણે દાતીવાડા ડેમમાથી પાથાવાડા ખાતે આવેલ સિપુ ઈન્ટેક સુધી ૨૨ કરોડના ખર્ચથી ૨૧ કિમી લાબી પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરી હતી. તેમાં દિવસ રાત કામગીરી કરી એક જ મહીનામાં કામ પૂર્ણ કરી સોમવારે રાત્રે પાણી પુરવઠા દ્વારા પાઈપ લાઈનનો ટ્રાયલ કરી દાતીવાડા ડેમમાથી પાથાવાડા ખાતે આવેલા સિપુ ઈન્ટેકમાં નાખતા કર્મચારીઓ તેમજ લોકોએ હાશકારો અનુભવ્યો હતો. પાણી પુરવઠા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે પાણીના પ્રોજેક્ટનુ સફળ ટ્રાયલ થતાં હવે ટૂંક સમયમાં જ સમયસર પાણીનો સપ્લાય દૂર કરવામાં આવછે. આ અંગે રમેશભાઈ ધાડીયા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં હવે લોકોને પિવાના પાણીની સમસ્યા માથી હાશકારો મળશે. તેમજ પાણી પુરવઠા દ્વારા ખૂબ જ ટૂકા ગાળામાં જ કામગીરી પૂર્ણ કરી તે સરાહનીય છે. જ્યારે જિલ્લા પંચાયત સદસ્ય સવસીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે 'સરકારે ખૂબ ટૂંકા ગાળામાં આ કામગીરી કરી છે.'

## જન્મદિને વધામણી



ડો.જતીન આર.પટેલ
પુંસરી તા.તલોદ



દીક્ષિત એન.પટેલ
ડેમાઈ તા. બાયડ



નિરંજનભાઈ ત્રિવેદી
હિંમતનગર



દર્શિલ રાકેશ ભાઈ શાહ
તલોદ જી. સાબરકાંઠા

# ડીસાના આસેડા ગામે અંગત અદાવતમાં યુવક ઉપર ચાકુ વડે હુમલો

ડીસા, તા. ૧૪

ડીસા તાલુકાના આસેડા ગામે રહેતા એક યુવક ઉપર અંગત અદાવત રાખી ચાકુ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડવા મામલે યુવકની ફરિયાદ આધારે તાલુકા પોલીસે ચાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની ફરિયાદની વિગતો મુજબ આસેડા ગામે રહેતા ૨૨ વર્ષીય પ્રહલાદજી સુરસંગજી ઠાકોર ખેતી કરી ગુજરાન ચલાવે છે જોકે ગત રોજ બુધવારે રાત્રે તેઓ પોતાના ખેતર તરફથી આવતા હતા અને ગામના ચોરે આવેલ ચાની હોટલમાં ચા પીતા હતા તે દરમિયાન ગામના જ ગોવિદજી ભુમજી ઠાકોર, પ્રકાશજી ભુમજી ઠાકોર ,વિક્રમ અભેસિંગ ઠાકોર અને કિરણજી ભાવુજી ઠાકોર ત્યાં આવેલા અને પ્રહલાદજીને તું અહીંયા કેમ બેઠો છે અને બે વર્ષ અગાઉ અમારી સાથે કેમ ઝગડો કરેલો ? તેમ કહી મા બેન સામેં ભૂંડી ગાળો બોલવા લાગેલ જેથી પ્રહલાદજીએ ગાળો બોલવાની ના પાડતા ગોવિંદજી એકદમ ઉશ્કેરાઇ ગયેલો અને તેના હાથમા રાખેલું ચાકુ જમણા કાન ઉપર મારેલ અને પ્રકાશજી ભુમજી ઠાકોર અને અન્ય બે જણાએ પકડી રાખેલ અને ગડદાપાટુનો માર મારવા લાગેલ જોકે હુમલાના પગલે પ્રહલાદજી ગભરાઈ ગયેલા અને બુમો પાડતા આસપાસના લોકો દોડી આવી તેને વધુ મારમાંથી છોડાવેલ.પણ જતા જતા આ ચારેય જણાએ કહેલ કે આજે તું બચી ગયો હવે તને જાનથી મારી નાંખસુ તેવી ધમકી આપી જતા રહેલા.બાદમાં ઈજાગ્રસ્ત પ્રહલાદજીને સારવાર માટે પરિવારજનો ડીસા સિવિલ ખાતે લાવેલા અને આ મામલે પ્રહલાદજી ઠાકોરે ડીસા તાલુકા પોલીસ મથકે ગોવિદજી ભુમજી ઠાકોર ,પ્રકાશજી ભુમજી ઠાકોર ,વિક્રમ અભેસિંગ ઠાકોર અને કિરણજી ભાવુજી ઠાકોર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.